પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૦ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૧, ગુરૂવાર; પોષ સુદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પશ્ચિમ બંગાળમાં ધુમ્મસને પગલે ભીષણ અકસ્માત

## પશ્ચિમ બંગાળના જલપાઈગુડીના ધુપગુરી સિટીમાં ટ્રક અને અનેક ગાડીઓ વચ્ચે ટક્કર, ૧૩નાં મોત

જલપાઈગુડી,તા.૨૦

પશ્ચિમ બંગાળ સ્થિત જલપાઈગુડીના ધુપગુરી સિટીમાં ધુમ્મસના કારણે અનેક ગાડીઓ એકબીજા સાથે ટકરાઈ ગઈ. આ દુર્ઘટનામાં ૧૩ લોકોનાં મોત થયા છે. બીજી તરફ ઘાયલ લોકોને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે તાત્કાલિક રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું. ઘાયલોને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા તો બીજી તરફ અકસ્માતમાં મોતને ભેટેલા લોકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં ૧૮ લોકો ઘાયલ પણ થયા હોવાનું કહેવાય છે.





જલપાઈગુડીના એએસપી ડૉ. સુમંત રાયે જાણકારી આપી કે મંગળવાર રાત્રે ટ્રક માયાનાલથી જઈ રહ્યો હતો. બીજી તરફથી એક ટાટા મેજિક અને મારૂતિ વાન રોન્ગ સાઈડમાં આવી રહી હતી. આ દરમિયાન ધુમ્મસના કારણે પહેલા ટ્રક અને ટાટા મેજિકની ટક્કર થઈ અને પછી મારૂતિ વાન પણ ટકરાઈ ગઈ. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, એક્સીડન્ટ દરમિયાન ટ્રકમાંથી અનેક બોલ્ડર છટકીને બીજી ગાડીઓ પર પડ્યા. આ મામલામાં પોલીસે ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે. તેમનો દાવો છે કે બોલ્ડરથી ભરેલી ટ્રક

● અનુસંધાન પાન-૭ પર

## જેક મા અચાનક સામે આવ્યા

બેઈજિંગ, તા. ૨૦

ચીનના ત્રીજા સૌથી અમીર અરબપતિ અને કરોડો લોકો માટે પ્રેરણાસ્રોત રહેલા જેક મા અચાનકથી દુનિયાની સામે પ્રગટ થયા છે. ત્યાંના સરકારી મીડિયા પ્રમાણે જેક માએ બુધવારે ચીનના ૧૦૦ ગ્રામીણ શિક્ષકો સાથે વીડિયો લિંક દ્વારા વાતચીત કરી છે. જેક માએ શિક્ષકોને કહ્યું કે, જ્યારે કોરોના વાયરસ ખતમ થઈ જશે ત્યારે આપણે ફરીથી મળીશું. જેક માને અંગ્રેજી શિક્ષકથી સાહસી બનનારા ગણાવવામાં આવ્યા છે.

# ખેડૂત-સરકાર વચ્ચેની વાટાઘાટો અનિર્ણિત

**માગણીઓ પર ખેડૂતોની અડગતા સામે સરકારનું જક્કી વલણ : કૃષિ કાયદાઓ પર અસ્થાયી મુદતની રોકની સરકારની દરખાસ્ત પણ ખેડૂત સંગઠનોએ ફગાવી દીધી**

નવી દિલ્હી, તા. ૨૦

કેન્દ્ર સરકાર અને આંદોલનકારી ખેડુતો વચ્ચે આજે નવા કૃષિ કાયદાને લઈને ૧૦ મો રાઉન્ડની વાતચીત ચાલી રહી છે. કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર અને કેન્દ્રીય પ્રધાન પિયુષ ગોયલ વિજ્ઞાન ભવનમાં ખેડૂતો સાથે વાતચીત કરી રહ્યા છે. આ મંત્રણા અગાઉ મંગળવારે યોજાવાની હતી, પરંતુ મુલતવી રાખવામાં આવી હતી. અમને જણાવી દઈએ કે ૨૬ નવેમ્બરથી ખેડુતો દિલ્હી બોર્ડર પર ત્રણ નવા કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહ્યા છે. તેઓ ત્રણેય કાયદા પાછા ખેંચવાની માંગ પર મક્કમ છે. બીજી તરફ, કેન્દ્ર સરકાર નવા કાયદાઓને ખેડૂતો માટે ફાયદાકારક ગણાવી રહી છે અને વાટાઘાટો દ્વારા ગતિવિધિનું સમાધાન લાવવા માંગે છે. બંને પક્ષો વચ્ચે અત્યાર સુધીમાં નવ રાઉન્ડની વાટાઘાટો થઈ છે, પરંતુ હજી સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. દરમિયાનખેડુતો સાથેની ૧૦ મા રાઉન્ડની વાટાઘાટોનો પણ નિષ્ફળ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમારે સમિતિની રચનાની દરખાસ્ત કરી હતી, જેમાં સરકારના સભ્યો અને ખેડૂતનો સમાવેશ થતો હતો. સમિતિ વર્ગ મુજબના કાયદાઓની ચર્ચા કરશે, જ્યારે કોર્ટે કૃષિ કાયદા પર ૨ મહિનાનો સ્ટે આપ્યો છે. જો જરૂર ઊભી થાય અને પરામર્શ ચાલુ રહે, તો સરકાર કાયદાના અમલીકરણને એક વર્ષ સુધી રોકી શકે છે.

૧૦ મી રાઉન્ડની વાટાઘાટો અનિર્ણિત રહી હતી, કેન્દ્ર સરકારે કૃષિ કાયદાઓ પર અસ્થાયી મુદતની રોકની દરખાસ્ત કરી હતી, જેના પર ખેડૂત નેતાઓ સહમત ન હતા. સરકારે આંદોલન ખતમ કરવાની અપીલ કરી હતી. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા, રાકેશ ટિકૈતે કહ્યું કે

● અનુસંધાન પાન-૭ પર

## રાજસ્થાનના કોંગ્રેસ ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ શેખાવતનુ નિધન

જયપુર,તા.૨૦

વલ્લભનગરના કોંગ્રેસના ધારાસભ્ય ગજેન્દ્ર શેખાવતનું બુધવારે અવસાન થયું હતું. તે કેટલાક દિવસોથી બીમાર હતા. મુખ્યમંત્રી અશોક ગેહલોત અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલોટે ધારાસભ્યના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. ગેહલોતે ટ્વિટ કરીને કહ્યું કે, કોંગ્રેસના ધારાસભ્ય ગજેન્દ્ર શેખાવતનાં અવસાન પર મારી ઘેરી સંવેદના.

## ટ્રમ્પની આડોડાઈ, બાઈડન માટે સરકારી પ્લેન ના મોકલ્યું

**બાઈડન પરિવાર જેવા વોશિંગ્ટન પહોંચ્યા કે તરત વ્હાઈટ હાઉસે ટ્રમ્પનો ૨૦ મિનિટનો ફેરવેલ વીડિયો જાહેર કર્યો**



વૉશિંગ્ટન,તા.૨૦

આજે જો બાઈડન અમેરિકાના ૪૬મા રાષ્ટ્રપ્રમુખ પદે શપથ લેવાના છે. ત્યારે તેઓ મંગળવારે ડેટાવેયરથી વોશિંગ્ટન ડીસી આવી પહોંચ્યા હતા. જતાં-જતાં પણ ટ્રમ્પ સીધા રહ્યા નહીં. જો બાઈડનને ડેલાવેયરથી વોશિંગ્ટન ડી.સી. આવવા માટે તેમણે સરકારી વિમાન મોકલ્યું નહીં. જેના કારણે તેઓ પોતાના ચાર્ટ્ડ પ્લેનથી અહીં પહોંચ્યા હતા. પોતાના ગૃહ રાજ્યમાંથી વોશિંગ્ટન ડીસી જતા પહેલા બાઈડને ફેરવેલ સ્પીચ આપી હતી. આ દરમિયાન તેમણે તેમના દિવંગત દીકરાને પણ યાદ કર્યો હતો અને ત્યાંના લોકોને 'આવજો' કહેતા પહેલા સ્ટેજ પર ચોંધાર આંસુએ રડી પડ્યા હતા. બાઈડન પરિવાર જેવો વોશિંગ્ટન ડી.સી. પહોંચ્યો કે તરત વ્હાઈટ હાઉસે ટ્રમ્પનો ૨૦ મિનિટનો ફેરવેલ વીડિયો જાહેર કર્યો હતો. જેમાં તેમણે ન તો તેમના અનુગામીના નામનો ઉલ્લેખ કર્યો કે ન તો બાઈડનને તેમની જીત બદલ અભિનંદન પાઠવ્યા. આજે પણ ટ્રમ્પ બાઈડનને અભિનંદન પાઠવ્યા વગર જ વોશિંગ્ટનથી ઉડાણ ભરશે. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પ બાઈડનની જીતને પચાવી શક્યા નહોતા અને છેવટે ૭મી જાન્યુઆરીએ તેમણે સ્વીકાર્યું હતું કે તેઓ પદ પર રહેશે નહીં.

# ટ્રેક્ટર રેલી પોલીસનો મામલો, સરકારે ઉકેલ કરવો પડે : સુપ્રીમ

**૨૬ જાન્યુઆરીએ ખેડૂતોની સૂચિત ટ્રેક્ટર રેલી : ખેડૂતોની રેલી સંદર્ભે કેન્દ્ર સરકારે કરેલી અરજી સંદર્ભે સુપ્રીમની કેન્દ્રને ફટકાર, કેન્દ્રે અરજી પાછી ખેંચી લીધી**

નવી દિલ્હી, તા. ૨૦

સુપ્રીમ કોર્ટે ૨૬ જાન્યુઆરીએ ખેડૂતોની સૂચિત ટ્રેક્ટર રેલીને પોલીસનો મામલો ગણાવ્યા બાદ કેન્દ્ર સરકારે આ મામલે કોર્ટની દખલની વિનંતી પાછી ખેંચી લીધી હતી. સુપ્રીમ કોર્ટે ૨૬ જાન્યુઆરીએ સૂચિત ટ્રેક્ટર રેલી પર દાખલ કરેલી અરજી અંગે કહ્યું હતું કે તમે સત્તાધીશ છો અને તમારે તેનો ઉકેલ કરવો પડશે, તેના પર ઓર્ડર પસાર કરવો તે કોર્ટનું કામ નથી. ખેડૂત સંઘો તરફથી ઉપસ્થિત એડવોકેટ પ્રશાંત ભૂષણએ મુખ્ય ન્યાયાધીશને જણાવ્યું હતું કે, ખેડૂતો માત્ર પ્રજાસત્તાક દિનની ઉજવણી બાહ્ય રિંગરોડ પર શાંતિપૂર્ણ રીતે કરવા માગે છે. શાંતિને ખલેલ પહોંચાડવાનો તેમનો કોઈ ઈરાદો નથી. તે જ સમયે, ખેડૂત નેતા કલવંતસિંહ સંધુએ કહ્યું કે ખેડૂત સંગઠનોના નેતાઓ ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર કૂચ કાઢવાના મુદ્દે દિલ્હી પોલીસના ઉચ્ચ અધિકારીઓને મળશે. બીજી તરફ ખેડૂત નેતાઓ કેન્દ્ર સરકાર સાથે ૧૦ મા રાઉન્ડની વાતચીત માટે વિજ્ઞાન ભવન પહોંચ્યા હતા. ભારતીય કિસાન સંઘના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમે એક બેઠક અને આંદોલન પણ કરીશું. ખેડૂત અહીંથી પાછા નહીં ફરે.

# ભારત છ પાડોશી દેશને ફ્રી કોરોના વેક્સિન આપશે

**ભૂતાન-માલદીવને ખેપ રવાના : બ્રાઝીલ, દક્ષિણ આફ્રિકા, ફિલીપીન્સ, સઉદી, મંગોલિયા રસીની માગ કરી ચૂક્યા છે**

નવી દિલ્હી, તા. ૨૦

વૈશ્વિક મહામારી સામે ઝઝૂમી રહેલા વિશ્વના અન્ય દેશોની સાથે ભારતના ૬ પડોસી દેશોને ભારત સરકાર અને દેશવાસીઓએ કોરોના રસીની ભેટ આપી છે. કેન્દ્ર સરકારે પડોસી દેશોને ફ્રીમાં કોરોના વેક્સિનની ડિલિવરી શરુ કરી દીધી છે. જે હેઠળ બુધવાર સવારે મુંબઈ એરપોર્ટ પરથી ભૂટાન માટે ૧.૫ લાખ કોરોના વેક્સિન અને માલદીવ માટે ૧ લાખ કોરોના વેક્સિનની પહેલી ખેપ રવાના કરવામાં આવી હતી. વેક્સિન કન્સાઈનમેન્ટ પર ત્રિરંગા સાથે એક સંદેશ લખવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારતની જનતા અને સરકારની ભેટ.

આ સાથે ભારતે નેપાળ, બાંગ્લાદેશ, મ્યાનમાર અને સેશલ્સ જેવા દેશોને ફ્રી કોરોના વેક્સિન આપવાનું વચન આપ્યુ હતું. જે હેઠળ ભારત ૪૫ લાખ કોરોના વેક્સિન પડોસી દેશોને

● અનુસંધાન પાન-૭ પર




